``જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી, મહેસાણા.
ફોજદારી શાખા, બહુમાળી મકાન, બ્લોક નં. 3, પહેલો માળ, મહેસાણા.
ટેલિફોન નંબર – 02762 – 222218 ફેક્સ નંબર :- 02762 – 222202

નંબર :- જેલ/પોલ/વશી/૨૪૮૬/૨૦૧૬ તારીખ :-20/૦૭/૨૦૧૬

પ્રતિ,
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સ. એસો.,
~~૭૩/એ~~, સહજાનંદ શોપીંગ સેન્ટર,
શાહીબાગ, અમદાવાદ.

વિષય ::- <u>જાહેરનામાની નકલ મોકલવા બાબત..</u>

ઉપરોકત વિષયે જયભારત સાથે જણાવવાનું કે,

આપશ્રીએ તા. ૧૫/૦૭/૨૦૧૬ ના ઈ-મેલ થી મહેસાણા શહેરમાં ભારે તેમજ મધ્યમ પ્રકારના વાહનોના પ્રવેશબંધી અંગેના જાહેરમાનામાં કોઈ ફેરફાર કરવામાં આવેલ હોય અથવા તો નવું જાહેરનામું બહાર પાડવામાં આવેલ હોય તો તે જાહેરનામાની નકલ મોકલી આપવા જણાવેલ છે.

સદર્હુ બાબતે જણાવવાનું કે, મહેસાણા શહેરમાં ભારે તેમજ મધ્યમ પ્રકારના વાહનોના પ્રવેશબંધી અંગેના અગાઉના જાહેરનામાના પત્ર નં. તથા તારીખ જણાવવા વિ. છે જેથી જાહેરનામાની નકલ આપી શકાય.

વધુમાં અત્રેથી તા. ૦૪/૦૫/૨૦૧૬ ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામાની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

Rmg
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
મહેસાણા

Akhil Gujarat Truck Transport Association
R. 25-7-16

મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ ના ૨૨ મા) અધિનિયમની કલમ–૩૩(૧) (સી ) મુજબ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા દ્વારા જાહેરનામું.

નંબરઃ– પીઓએલ/વશી/૧૭૧૮ થી ૧૭૫૦/૨૦૧૬
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, મહેસાણા.
તારીખ :– ૦૪/૦૫/૨૦૧૬

જા હે ર ના મું :–

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૨૨મો)ની કલમ –૩૩ ની પેટા કલમ (૧ ) (સી) મુંજબ બહાર પાડવા વિચારાયેલ જાહેરનામાનો ખરડો ઉક્ત કલમ –૩૩ ની પેટા કલમ ૬ મુજબ તેનાથી અસર પહોંચવાનો સંભવ હોય તેવા તમામ ની જાણ સારૂ અત્રેથી તા.૨૧/૦૫/૨૦૧૫ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતો.અને તે સરકારી રાજય પત્રમાં તા.૧૩/૦૭/૨૦૧૫ ના રોજ જાહેર થયેલ છે.આમ સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૧(એક)માસ સુધીમાં અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી મહેસાણાને લેખિત વાંધા–યા–સુચનો નીચે મુજબ મળેલ છે

(૧) પ્રમુખશ્રી, મહેસાણા–બનાસકાંઠા પ્રેટ્રોલીયમ ડીલર્સ એસોસીએશન

(૨) પ્રમુખશ્રી, મહેસાણા શહેર હોટલ, લૉજ એસોસીએશન

(૩) પ્રમુખશ્રી, ઉ.ગુ.ટુરીસ્ટ લકઝરી,બસ,ઓનર્સ એસોસીએશન

(૪) પ્રમુખશ્રી, દેદિયાસણ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ એસોસીએશન મહેસાણા

ઉપર મુજબની વાધાં અરજીઓ ની ચર્ચા તા.૨૪/૦૨/૨૦૧૬ તથા તા.૨૧/૦૩/૨૦૧૬ ની જીલ્લા ટ્રાફીક સલાહકાર સમિતિમાં કરતા ધ્વનિ અને વાયુનું પ્રદુષણ થતું હોઈ તેમજ ટ્રાફિકની સમસ્યાના કાયમી નિકાલને ધ્યાને લેતાં તેમજ પ્રજાનું જાહેરહીત ધ્યાને લેતાં સદરહું વાધાં અરજીઓ ગ્રાહય રાખવા પાત્ર નથી, તેમ સર્વાનું મતે ઠરાવવામાં આવેલ છે, જે ધ્યાને લેતાં આ કામે નીચે મુજબ નું આખરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા પાત્ર જણાય છે.

અમદાવાદથી પાલનપુર સ્ટેટ હાઈવે નં – ૪૧ જે મહેસાણા શહેરમાંથી પસાર થાય છે. જે સ્ટેટ હાઈવે ને શિવાલા હોટેલ સર્કલથી ફતેપુરા પાટીયા સર્કલ સુધી બાયપાસ રોડ જે સુચીત ૪૧ – એ સ્ટેટ હાઈવે બનાવેલ છે. જેથી મહેસાણા શહેરમાંથી પસાર થતા હાઈવે પરના ભારે વાહનો જેવા કે ટ્રક, ટર્બો, ડમ્પર, ટ્રેલર પસાર ના થાય તે સારૂ નીચે મુજબની વિગત માટે ડાયવર્ઝન આપવાની જરૂરીયાત જણાય છે.

(૧) અમદાવાદ થી પાલનપુર તરફ જતા ઉપરોકત ભારે વાહનો

(૨) પાલનપુર થી અમદાવાદ તરફ જતા ઉપરોકત ભારે વાહનો

(૩) બેચરાજી તરફથી આવતા અને અમદાવાદ–પાલનપુર તરફ જતા ભારે વાહનો

(૪) મોઢેરા તરફથી આવતા અને અમદાવાદ–પાલનપુર તરફ જતા ભારે વાહનો

(૫) રાધનપુર તરફથી આવતા અને અમદાવાદ–પાલનપુર તરફ જતા ભારે વાહનો

વાસ્તે, હું **રમેશ મેરજા**, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા જાહેર સલામતી માટે ટ્રાફિકની અવર–જવરમાં મુશ્કેલી પડે નહી તે હેતુસર **મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ ના ૨૨ મા) અધિનિયમની કલમ–૩૩(૧) (સી)** થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબની વિગત માટે ડાયવર્ઝન આપવા જાહેરનામું અંગે હુકમ ફરમાવું છું.

(૧) અમદાવાદ થી પાલનપુર તરફ જતા ઉપરોકત ભારે વાહનો

(૨) પાલનપુર થી અમદાવાદ તરફ જતા ઉપરોકત ભારે વાહનો

(૩) બેચરાજી તરફથી આવતા અને અમદાવાદ–પાલનપુર તરફ જતા ભારે વાહનો

(૪) મોઢેરા તરફથી આવતા અને અમદાવાદ–પાલનપુર તરફ જતા ભારે વાહનો

(૫) રાધનપુર તરફથી આવતા અને અમદાવાદ–પાલનપુર તરફ જતા ભારે વાહનો

આ પ્રતિબંધિત હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૧૩૧ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

અપવાદ::–

આ આદેશ નીચે જણાવ્યા પ્રમાણેના વાહનોને લાગું પડશે નહિ.

(૧) સરકારી એસ.ટી.બસ,લશ્કરના વાહનો,એમ્બ્યુલન્સ,ફાયર ફાઈટર તથા સરકારી વાહનોને આ આદેશ સાગું પડશે નહિ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ખાસ લેખિત હુકમ ધ્વારા મંજુરી આપે તેવા ભારે વાહનને આ હુકમ લાગું પડશે નહિ.

આજ તા.૦૪/૦૫/૨૦૧૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી જાહેરનામું બહાર પાડયું.

Akhil Gujarat Truck Transport Association

R. 25-7-16

સહી/–
( રમેશ મેરજા )
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
મહેસાણા.

નકલ જયભારતસહ રવાના :–

(૧) પોલીસ અધિક્ષકશ્રી મહેસાણા તરફ, જાહેરનામાની વિગતે ટ્રાફિક વ્યવસ્થાનું સંચાલન કરાવવા સારૂ.

(૨) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/કડી/ખેરાલું/વિસનગર તરફ બહોળી પ્રસિધ્ધિ અર્થે.

(૩) વિભાગીય પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણા / વિસનગર તરફ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ તાકીદે કરાવવા તેમજ પ્રસિધ્ધિ રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

(૪) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી,મહેસાણા, , જોટાણા, ગોઝારીયા, વિસનગર, કડી, વિજાપુર, ઉંઝા, ખેરાલું, સતલાસણા, વડનગર, બેચરાજી, જોટાણા તરફ જાણ તેમજ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ તાકીદે કરાવવા સારૂ. તેમજ તે અંગેનો પ્રસિધ્ધિ રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

(૫) પોલીસ ઈન્સ્પેકટરશ્રી / પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી એલ.સી.બી./એસ.ઓ.જી, મહેસાણા શહેર " એ " તથા " બી " ડીવીઝન/તાલુકા, મહિલા પોલીસ સ્ટેશન મહેસાણા, વિસનગર, કડી, વિજાપુર, વસાઈ, ઉંઝા, ખેરાલું, સતલાસણા, વડનગર,બેચરાજી, સાંથલ, લાંઘણજ, નંદાસણ, બાવલુ પોલીસ સ્ટેશન તરફ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ તાકીદે કરાવવા તેમજ પ્રસિધ્ધિ રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

(૬) રજિસ્ટ્રારશ્રી, જિલ્લા અદાલત મહેસાણા તરફ જાણ–વ–જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ કરાવવા સારુ વિનંતી સહ.

(૭) રજિસ્ટ્રારશ્રી, જે.એમ.એફ.સી. કોર્ટ મહેસાણા, વિસનગર, કડી, વિજાપુર, ઉંઝા, ખેરાલું, વડનગર, બેચરાજી,સતલાસણા તરફ જાણ–વ–જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ કરાવવા સારુ વિનંતી સહ.

(૮) વ્યવસ્થાપકશ્રી, સરકારી છાપકામ ખાતુ, વડોદરા તરફ.
૨/– આગામી એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરવા સારું.

(૯) નાયબ માહિતી નિયામકશ્રી,મહેસાણા તરફ સ્થાનિક વર્તમાન પત્રોમાં વિના મુલ્યે ટાઈમ ઓફ ન્યુઝ તરીકે પ્રદર્શિત કરવા સારું.

(૧૦) ડેપો મેનેજરશ્રી, એસ.ટી. ડેપો, (તમામ) મહેસાણા તરફ જાણ–વ–અમલ કરાવવા સારુ.

(૧૧) વિભાગીય નિયામકશ્રી, એસ.ટી., મહેસાણા તરફ જાણ–વ–અમલ કરાવવા સારુ.

(૧૨) પસંદગી ફાઈલે.

રવાના કર્યુ તારીખઃ– ૦૫/૦૫/૨૦૧૬

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
મહેસાણા.વતી